**<u>વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ/લો સેલ</u>**

**ગુજરાત રાજ્ય કાયદા પંચ:-**

ગુજરાત રાજ્ય કાયદા પંચની રચના સરકારશ્રી દ્વારા કાળજીપૂર્વકની વિચારણાના અંતે વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના તા. ૨૨/૦૬/૧૯૯૮ ના ઠરાવ ક્રમાંક: એલએસી-૧૦૯૮-૨૭-ઇ થી કરવામાં આવેલ છે. રાજ્ય કાયદા પંચની મુદત બાકી કામગીરીને ધ્યાને લઇને દર વર્ષે એક એક વર્ષની મુદત માટે લંબાવવામાં આવેલ છે. રાજ્ય સરકારે નીચે જણાવેલ હેતુઓને ધ્યાને લઇને રાજ્ય કાયદા પંચની રચના કરેલ છે.

**<u>હેતુઓ:-</u>**

(૧) બદલાયેલા સામાજીક, આર્થિક ઉદ્દેશો સિધ્ધ કરવા માટેનું અસરકારક સાધન બની રહે તે માટે કાયદાઓની સુસંગતતા તપાસી જઇ તથા કાયદાઓ સંયોજિત કરી લોકોની આશાઓ અને આકાંક્ષાઓને અનુરૂપ બનાવવા સુચનો કરવા.

(૨) બંધારણમાં દર્શાવેલા માર્ગદર્શક સિધ્ધાતો (ડાયરેક્ટીવ પ્રીન્સીપાલ ઓફ સ્ટેટ પોલીસી) ને અનુરૂપ અને સુસંગત બનાવવા જરૂરી ફેરફારો અને સુચનો તેમજ જરૂરી જણાયે નવા કાયદાઓ ઘડવા માટે સુચનો કરવા.

(૩) કાયદાઓનો અમલ કરનાર વ્યકિત/અધિકારી તેનો અમલ કરાવવામાં નિષ્ફળ જાય તો તે માટે તેની જવાબદારી નક્કી કરતી જોગવાઇ કાયદામાં કેટલે અંશે સામેલ કરી શકાય તેમ છે. તેની ચકાસણી કરી સુચનો કરવા.

(૪) કાર્યપધ્ધતિ વિષય કાયદાઓ (Procedural Laws) ની પુન: ચકાસણી કરી તેમાં રહેલી વિસંગતતા દુર કરી તેમજ કાર્યવાહી સંક્ષિપ્ત થઇ શકે તેવા ઉપાયો અને સુચનો સુચવવાં.

(૫) હાઇકોર્ટ અને સુપ્રિમ કોર્ટના ચુકાદાથી ધ્યાન માં આવેલ કાયદાકીય વિસંગતતા અને સંદિગ્ધતા દૂર કરવા અંગેના ઉપાયો અને સુચવવાં.

(૬) પ્રવર્તમાન કાયદાઓનો હેતુ બાર ન આવતો હોવાને કારણે તથા કાનુની ગ્રંથોમાં જે સ્વરૂપે કાયદા છે. તથા જે સ્વરૂપમાં કાયદા ઘડવામાં આવેલ છે. તે સ્વરૂપમાં તેની આવશ્યકતા ન હોવાને કારણે તે કાયદા રદ કરવાની કે સુધારવાની શક્યતાઓ તપાસી ઉપયોગ અને સુચનો કરવા.

(૭) એક જ વિષયને લાગતા પ્રવર્તમાન અલગ અલગ કાયદાઓની કાનુની ચકાસણી કરી આવા કાયદાઓનું એકત્રીકરણ કરી એક જ કાયદો કરવાની શકયતા તપાસી સુચનો કરવા.

(૮) રાજ્ય સરકારના વિવિધ વિભાગોના તજજ્ઞ જુથો દ્વારા કાયદામાં રીવીઝન/સુધારા અંગેના સુચનો નો કાયદાઓના સંકલન કરવાના હેતુને ધ્યાનમાં રાખી વિચારણા કરવી.

(૯) કાયદાના ક્ષેત્રમાં નાગરિકોની મુશ્કેલીઓ સામે તાત્કાલીક ઉપાયો થઇ શકે તેવા જરૂરી ઉપાયો (માપદંડો) સુચવવાં

(૧૦) ગરીબોને અસર કરતા કાયદાઓ તપાસી સમીક્ષા કરવી.

(૧૧) કાયદાઓને સંબંધી સરકાર તરફથી જે સોપવામાં આવે તેવી કોઇ અન્ય બાબતો અંગે વિચારણા કરવી તથા સરકારને પોતાનુ મંતવ્ય જણાવવું.

કમિશનનું માળખું:- આ કમિશન અધ્યક્ષશ્રી સહિત ૩ (ત્રણ) સભ્યોનું બનેલુ છે.

(૧) અધ્યક્ષશ્રી :- ૧ (ગુજરાત હાઇકોર્ટના વર્તમાન અથવા નિવૃત ન્યાયમૂર્તિ)
(૨) સરકારી સભ્ય :- ૧
(૩) બિનસરકારી સભ્ય:- ૧

હાલમાં સુધીમાં નીચે દર્શાવ્યા મુજબના ન્યાયમૂર્તિશ્રીઓએ ગુજરાત રાજ્ય કાયદા પંચના અધ્યક્ષશ્રી તરીકે નો કાર્યભાર સંભાળેલ છે.

(૧) જસ્ટીસ શ્રી બી. એસ. કાપડીયા
(૨) જસ્ટીસ શ્રી એસ. ડી. દવે
(૩) જસ્ટીસ શ્રી એ. કે. ત્રિવેદી
(૪) જસ્ટીસ શ્રી ડી. કે. ત્રિવેદી
(૫) ડૉ. જે.એન.ભટ્ટ (રીટાયર્ડ ચીફ જસ્ટીસ )

**કમિશનના હાલના પદાધિકારીઓ:-**

(૧) અધ્યક્ષશ્રી :જસ્ટીશ શ્રી એમ.બી.શાહ(તા. ૨-૧-૨૦૧૪થી)

(૨) સરકારી સભ્યશ્રી :તા. ૧-૮-૨૦૦૬ થી ખાલી

(૩) બિનસરકારી સભ્યશ્રી :તા. ૧-૫-૨૦૦૫ થી ખાલી

**કમિશનનું મહેકમ:-**

ગુજરાત રાજ્ય કાયદા પંચની કામગીરીને સંલગ્ન મહેકમ વૈધાનીક અને સંસદીય બાબતોના વિભાગના તા. ૨૧-૦૭-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : એલએસી-૨૦૦૬-૪૧-૧૧૦-૧૮૪-લો સેલ થી નીચે જણાવ્યા મુજબનું મહેકમ મંજુર થયેલ છે.

## મહેકમની વિગત:-

| ક્રમ | જગ્યાનું નામ | પગાર ધોરણ | જગ્યાઓની સંખ્યા |
|---|---|---|---|
| (અ) | **કાયદાકીય બાજુના અધિકારીઓ/કર્મચારીઓનુ મહેકમ** | | |
| ૧ | સભ્ય સચિવ (કા.બા) | લાયકાત અને નિમાણુકની શરતો અને બોલીઓના આધારે કરાર આધારીત | ૧ |
| ૨ | નાયબ સચિવ(કાયદાકીય બાજુ) | ૧૫૬૦૦-૩૯૧૦૦+ગ્રેડ પે ૭૬૦૦ | ૧ |
| ૩ | ઉપસચિવ(કાયદાકીય બાજુ) | ૧૫૬૦૦-૩૯૧૦૦+ગ્રેડ પે ૫૪૦૦ | ૧ |
| ૪ | રીસર્ચ ઓફીસર(લો) | લાયકાત અને નિમાણુકની શરતો અને બોલીઓના આધારે કરાર આધારીત | ૧ |
| ૫ | સેકશન અધિકારી(કાયદાકીય બાજુ) | ૯૩૦૦-૩૪૮૦૦+ગ્રેડ પે ૪૬૦૦ | ૧ |
| ૬ | નાયબ સેકશન અધિકારી(કાયદાકીય બાજુ) | ૯૩૦૦-૩૪૮૦૦+ગ્રેડ પે ૪૪૦૦ | ૨ |
| (બ) | **સામાન્ય સંવર્ગનું મહેકમ** | | |
| ૭ | ઉપ સચિવ(વહીવટ) | કરાર આધારીત | ૧ |
| ૮ | એકાઉન્ટ ઓફીસર | કરાર આધારીત | ૧ |
| ૯ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ | ૧૫,૬૦૦-૩૯,૧૦૦+ગ્રેડ પે ૧૯૦૦ | ૧ |
| ૧૦ | અંગ્રેજી ટાઈપીસ્ટ (ડેટા એન્ટ્રી ઓપરેટર) | ૫૨૦૦-૨૦૨૦૦+ગ્રેડ પે ૧૯૦૦ | ૧ |
| ૧૧ | ગુજરાત ટાઈપીસ્ટ (ડેટા એન્ટ્રી ઓપરેટર) | ૫૨૦૦-૨૦૨૦૦+ગ્રેડ પે ૧૯૦૦ | ૧ |
| ૧૨ | ડ્રાયવર | ૫૨૦૦-૨૦૨૦૦+ ગ્રેડ પે ૨૪૦૦ | ૩ |
| ૧૩ | પટાવાળા (ચોકીદાર સહીત) | ૪૪૪૦-૭૪૪૦+ગ્રેડ પે ૧૩૦૦ | ૧ |
| ૧૪ | સ્વીપર(હમર) | ૪૪૪૦-૭૪૪૦+ગ્રેડ પે ૧૩૦૦ | ૫ |
| (ક) | **વૈધાનીક અને સંસદીય બાબતોન વિભાગમાં ઉપસ્થિત કરાયેલ એકમ (Cell)** | | |
| ૧૫ | ઉપસચિવ(કાયદાકીય બાજુ) | ૧૫૬૦૦-૩૯૧૦૦+ગ્રેડ પે ૫૪૦૦ | ૧ |
| ૧૬ | સેકશન અધિકારી(કાયદાકીય બાજુ) | ૯૩૦૦-૩૪૮૦૦+ગ્રેડ પે ૪૬૦૦ | ૧ |
| ૧૭ | નાયબ સેકશન અધિકારી(કાયદાકીય બાજુ) | ૯૩૦૦-૩૪૮૦૦+ગ્રેડ પે ૪૪૦૦ | ૧ |
| ૧૮ | કારકુન | ૫૨૦૦-૨૦૨૦૦+ ગ્રેડ પે ૧૯૦૦ | ૧ |

**કામગીરીની વિગત:-**

ગુજરાત રાજ્ય કાયદા પંચે હાલ સુધીમાં વર્ષવાર નીચે પ્રમાણે પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ અહેવાલો સરકારશ્રીને રજુ કરેલ છે.

| અ.નં. | વર્ષ | રજુ થયેલ અહેવાલ |
|---|---|---|
| (૧) | ૧૯૯૯ | ૨૦ |
| (૨) | ૨૦૦૦ | ૦૩ |
| (૩) | ૨૦૦૧ | ૦૩ |
| (૪) | ૨૦૦૨ | ૧૦ |
| (૫) | ૨૦૦૩ | ૧૩ |
| (૬) | ૨૦૦૪ | ૦૬ |
| (૭) | ૨૦૦૫ | ૦૩ |
| (૮) | ૨૦૦૬ | ૦૦ |
| (૯) | ૨૦૦૭ | ૦૦ |
| (૧૦) | ૨૦૦૮ | ૦૦ |
| (૧૧) | ૨૦૦૯ | ૦૦ |
| (૧૨) | ૨૦૧૦ | ૦૦ |
| (૧૩) | ૨૦૧૧ | ૦૧ |
| (૧૪) | ૨૦૧૨ | ૦૦ |
| (૧૫) | ૨૦૧૩ | ૦૦ |
| (૧૬) | ૨૦૧૪ | ૦૩ |
| (૧૭) | ૨૦૧૫ | ૦૨ |
| (૧૮) | ૨૦૧૬ | ૦૪ |
| (૧૯) | ૨૦૧૭ | ૦૧ |
| (૨૦) | ૨૦૧૮ | ૦૧ |
| | **કુલ** | **૭૦** |

# પરિશિષ્ટ

**રાજ્ય કાયદા પંચ દ્વારા તા. ૨૯ – ૦૨ - ૨૦૧૬ સુધી કુલ-૬૯ અહેવાલો રજૂ કરેલ છે. જેની વિગતો દર્શાવતું પત્રક**

| ક્રમ | અહેવાલ નંબર | રજૂ કર્યા તારીખ | અહેવાલની ભલામણો | અહેવાલમાં કરેલ ભલામણનો પ્રકાર | ભલામણો સંદર્ભે થયેલ કાર્યવાહી |
|---|---|---|---|---|---|
| ૧. | પ્રથમ અહેવાલ | ૬-૧-૯૯ | કાયદા પંચની કામગીરી શરૂ કરવા બાબતનો સામાન્ય અહેવાલ (વૈ. અને સં.બા.વિ.) | વહીવટી પ્રકાર | સરકારે અહેવાલ ઉપર વિચારણા કરી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૨. | બીજો અહેવાલ | ૨૩-૩-૯૯ | (૧) આડત્રીસ સુધારા કરતાં કાયદાઓ (એમેન્ડીંગ એક્ટસ) ને નાબૂદ કરવાની ભલામણો | કાયદા રદ કરવા બાબત. | સરકારે અહેવાલ ઉપર વિચારણા કરી જરૂરી કાર્યવાહી કરેલ છે. |
| ૩. | ત્રીજો અહેવાલ | ૨૩-૩-૯૯ | તેત્રીસ જૂના અને બિનઉપયોગી લેન્ડ ટેન્યોર એબોલીશન કાયદાઓ અને વિનિમયોને નાબૂદ કરવા અંગે ભલામણ. | કાયદા રદ કરવા બાબત. | સરકારે અહેવાલ ઉપર વિચારણા કરી જરૂરી કાર્યવાહી કરેલ છે. |
| ૪. | ચોથો અહેવાલ | ૨૦-૫-૯૯ | દસ જેટલા સુધારા કરતા કાયદાઓ (એમેન્ડીંગ એક્ટસ) ને નાબૂદ કરવાની ભલામણ. | કાયદા રદ કરવા બાબત. | સરકારે અહેવાલ ઉપર વિચારણા કરી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૫. | પાંચમો અહેવાલ | ૨૦-૫-૯૯ | (૧) બાવીસ જેટલા મુંબઈ જમીન મહેસૂલ ધારા, ૧૮૭૯માં સુધારા કરતા કાયદાઓ (એમેન્ડીંગ એક્ટસ) ને નાબૂદ કરવાની ભલામણ.<br>(૨) ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦માં સુધારો કરવા બાબત. | ૨૬ જેટલા સુધારા કાયદાઓ રદ કરવા બાબત. | સરકારે અહેવાલ ઉપર વિચારણા કરી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૬. | છઠ્ઠો અહેવાલ | ૨૦-૫-૯૯ | (૧) હિન્દુ કાયદામાં સુધારો કરી પુત્રીને વારસાકીય હક્ક અપાવવા બાબત જે કાયદા કમિશન દ્વારા હથ ધરાયેલ અમુક કારણોસર પડતો મૂકવામાં આવેલ તે અંગેનો અહેવાલ (કાયદા વિભાગ)<br>(૨) કામગીરી કરતી મહિલાઓના જાતીય સતામણી દુર કરવા, ભારતીય ફોજદારી ધારા (આઈ.પી.સી.) અને ગુજરાત મુલ્કી સેવા, ૧૯૭૧ માં સુધારો કરવાની ભલમણ . | કાયદામાં સુધારો કરવા બાબત. (સા.વ.વિભાગ) | (૧) આ કાયદામાં સુધારો નહીં કરવા રાજ્ય કાયદા પંચે ભલામણ કરેલ છે. તેથી આ બાબતની કાર્યવહી પૂર્ણ થયેલ છે.<br>(૨) ભલામણના સંદર્ભમાં સરકારે ગુજરાત મુલ્કી સેવા નિયમ, ૧૯૭૧માં સુધારો કરેલ છે. |
| ૭. | સાતમો અહેવાલ | ૨૩-૮-૯૯ | ધી બોમ્બે પબ્લીક કન્વેયન્સીઝ એક્ટ, ૧૯૨૦માં યોગ્ય તેવો સુધારો કરી – પ્રાણીઓ પર થતી ક્રૂરતાને નિવારવા માટે યોગ્ય જોગવાઈ કરવા ભલામણ. | કાયદામાં સુધારો કરવાની બાબત. | સરકારની વિચારણા હેઠળ છે અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. ગુહ વિભાગને તા.૨૮-૧૨-૨૦૦૫ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલ છે. |
| ૮. | આઠમો અહેવાલ | ૧-૯-૯૯ | ગુજરાત વન પ્રાણીઓ અને વન પક્ષીઓનું રક્ષણ અધિનિયમ, ૧૯૬૩ ની બાબતોના સમાવેશ કેન્દ્ર સરકારે ઘડેલા કાયદામાં થાય છે. તેથી તેની | કાયદો રદ કરવાની બાબત. | ભલામણ મુજબ કાયદો રદ કરેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | ઉપયોગીતા રહેતી નથી. ઉક્ત કાયદાને રદ કરવાની ભલામણ. | | |
| ૯. | નવમો અહેવાલ | ૧-૯-૯૯ | ગુજરાત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ માં કોઈપણ પ્રકારની ટોચ મર્યાદા ન ધરાવવાની ભલામણ. (મહેસૂલ વિભાગ) | કાયદામાં સુધારો કરવા બાબત. | કાયદો રદ થયેલ હોઈ ભલામણ મુજબની વિચારના કરવાની રહેતી નથી. |
| ૧૦. | દસમો અહેવાલ | ૪-૧૦-૯૯ | ખાદ્ય ખોરાકમાં ભેળસેળના ગુનાને પાસાના અધિનિયમ હેઠળ લેવા કાયદામાં યોગ્ય સુધારો કરવાની ભલામણ. | કાયદો સુધારવાની બાબત. | સરકરની વિચારણા હેઠળ છે. વિભાગને તા. ૨૮-૧૧-૨૦૦૫ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલ છે. |
| ૧૧. | અગિયારમો અહેવાલ | ૯-૯-૯૯ | " બોમ્બે વિલેજ સેનીટેશન એક્ટ" નો વિષય ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૮૫ હેઠળ સમાવેશ થતો હોવાથી તેની ઉપયોગીતા રહેતી નથી. (આ.અનેપ.ક.વિભાગ) | કાયદો રદ કરવા બાબત. | ભલામણ મુજબ કાયદો રદ કરેલ છે. |
| ૧૨. | બારમો અહેવાલ | ૯-૯-૯૯ | કેન્દ્ર સરકારે ઘડેલા અને અમલમાં આ બાબતના કાયદાઓમાં વધુ સજાની જોગવાઈ હોઈ : બોમ્બે ઓપીયમ સ્મોકિંગ એક્ટ, ૧૯૩૬" ની ઉપયોગીતા રહેતી નથી. તેથી આ કાયદો રદ કરવાની ભલામણ (ગુહ વિભાગ) | કાયદો રદ કરવા બાબત. | ભલામણ મુજબ કાયદો રદ કરેલ છે. |
| ૧૩. | તેરમો અહેવાલ | ૨૨-૯-૯૯ | આ વિષય પર કેન્દ્ર સરકારના કાયદા વધુ ઉપયોગી હોઈ "સ્મોક ન્યુસન્સ એક્ટ, ૧૯૬૩" ને નાબૂદ કરવાની ભલામણ. (વન અને પર્યાવણ વિભાગ) | કાયદો રદ કરવા બાબત. | ભલામણ મુજબ કાયદો રદ કરેલ છે. |
| ૧૪. | ચૌદમો અહેવાલ | ૫-૧૦-૯૯ | સી.આર.પી.સી ના સેક્શન ૧૨૫માં સુધારો કરી ખાદ્ય ખોરાકી માટેની મર્યાદા રૂ. ૨૦૦૦ સુધી કરવાની ભલામણ. | કાયદામાં સુધારો કરવાનો અભિપ્રાય મોકલવા બાબત. | ભારત સરકારે કાયદામાં સુધારો કરેલ છે. |
| ૧૫. | પંદરમો અહેવાલ | ૧૮-૧૧-૯૯ | "બોમ્બે રિફ્યુઝિસ એક્ટ, ૧૯૪૮" ની ઉપયોગીતા રહેતી નથી. તેથી તે રદ કરવાની ભલામણ. | કાયદો રદ કરવા બાબત. | ભલામણ મુજબ કાયદો રદ કરેલ છે. |
| ૧૬. | સોળમો અહેવાલ | ૨૦-૧૦-૯૯ | આ વિષય પર કેન્દ્ર સરકારના કાયદાઓ વધુ ઉપયોગી હોઈ બોમ્બે લેન્ડીંગ અને વ્હેરફેર ફિઝ એક્ટ, ૧૮૮૨ ને રદ કરવાની ભલામણ. | કાયદો રદ કરવા બાબત. | ભલામણ મુજબ કાયદો રદ કરેલ છે. |
| ૧૭. | સત્તરમો અહેવાલ | ૫-૧૧-૯૯ | " બોમ્બે ડિફ્સકોલિફિકેશન ઓફ એલિમેન્સ એક્ટ, ૧૯૧૮ " નાબૂદ કરવા બાબત કેમ કે ઉક્ત વિષય બાબત અન્ય કાયદાઓ અમલમાં હોઈ સબબ કાયદા બિન ઉપયોગી હોઈ તેને રદ કરવાની ભલામણ. | કાયદો રદ કરવા બાબત. | ભલામણ મુજબ કાયદો રદ કરેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮ | અઢારમો અહેવાલ | ૫-૧૧-૯૯ | : બોમ્બે ડિસ્ટ્રીક્ટ વેક્સીનેશન એક્ટ, ૧૮૯૨" ખૂબ જ જૂનો અને બિન ઉપયોગી હોઈ રદ કરવાની ભલામણ | કાયદો રદ કરવા બાબત. | ભલામણ મુજબ કાયદો રદ કરેલ છે. |
| ૧૯. | ઓગણીસમો અહેવાલ | ૨૧-૧૨-૯૯ | બોમ્બે ઓથોરીટી સીલ એક્ટ, ૧૮૮૩ ખૂબ જ જૂનો હોવા ચતાં ઉપયોગી હોઈ કાયદાને અમલમાં રાખવા ભલામણ | કાયદો ચાલુ રાખવા બાબત. | ભલામણ સ્વીકારી નવા અધિનિયમનું સ્વરૂપ આપી કાયદો બનાવેલ છે અને અમલ ચાલુ રાખેલ છે. |
| ૨૦. | વીસમો અહેવાલ | ૨૧-૧૨-૯૯ | માજી ચેરમેનશ્રી ગુજરાત રાજ્ય કાયદા કમિશને હોદ્દાનો ચાર્જ છોડતાં વખતે તેઓની નિમણુંકથી માંડી કમિશનના ચાર્જ ચૂડતાં સમયગાળામાં કરેલ કાર્યવાહી રૂપે સરકારમાં રજુ કરેલ ૧૯ અહેવાલની ઝાંખી કરાવતો અહેવાલ રજૂ કરેલ છે. | વહીવટી | વહીવટી અહેવાલ હોઈ જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૨૧. | એકવીસમો અહેવાલ | ૩૧-૭-૦૨ | બાર જેટલા જરીપુરાણા કાયદા રદ કરવા ભલામણ સંબંધિત વિભાગો (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, ગુહ વિભાગ, મહેસૂલ વિભાગ, કાયદા વિભાગને) | કાયદો રદ કરવા બાબત. | સરકારે અહેવાલ ઉપર વિચારણા કરી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૨૨. | બાવીસમો અહેવાલ | ૨૨-૮-૦૨ | કોડ ઓફ ક્રિમીનલ – પ્રોસીઝર કોડ, ૧૯૭૩ ના સેક્શન ૧૨૫, ૧૨૮ ની અસરકારકતા વધારવા અને પત્ની, બાળકો અને માતા-પિતાના મેઈન્ટેનન્સ બાબતે સુધારા કરવા. | કાયદો સુધારો કરવાનો અભિપ્રાય આપવા બાબત. | ભારત સરકારે કાયદામાં સુધારો કરેલ છે. |
| ૨૩. | તેવીસમો અહેવાલ | ૨૨-૮-૨૦૦૦ | આઠ અધિનિયમો તથા ચા જેટલા રાજ્યના કાયદાઓમાં સુધારા કરવાની ભલામણ | કાયદો સુધારવા અંગે અભિપ્રાય આપવા બાબત. | સરકારની વિચારના હેઠળ છે. તારીખ ૧૩-૧૨-૦૫ ના રોજ સ્મૃતિપત્ર પાઠવેલ છે. |
| ૨૪. | ચોવીસમો અહેવાલ | ૧૦-૫-૦૧ | તબીબી સંસ્થાઓના રજીસ્ટ્રેશન વખતે ધ્યાનમાં લેવાની બાબતો તેમજ તબીબી સંસ્થાઓમાં જરૂરી સગવડો અને ગુણવત્તાના માપદંડ વિષે કાયદા પંચે ભલામણ કરેલ છે. | કાયદો નવો ઘડવા બાબત. | સરકારે અહેવાલ ઉપર વિચારણા કરી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૨૫. | પચ્ચીસમો અહેવાલ | ૩-૫-૦૧ | ભારત સરકરે રેફરન્સ કરેલા ત્રણ કેન્દ્રીય કાયદાઓ રાજ્યમાં અમલી છે કે કેમ અને રદ કરવાપાત્ર છે કે કેમ તે બાબતે પંચે જણાવેલ છે કે ઉક્ત કાયદાઓ રાજ્યમાં અમલમાં છે જ નહીં તેથી તેના વિષે કંઈ અભિપ્રાય આપવાનો રહેતો નથી. | કેન્દ્રીય કાયદાઓમાં અભિપ્રાય આપવા બાબત. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે. જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૨૬. | છવ્વીસમો અહેવાલ | ૧૧-૧૦-૦૧ | (૧) ચૂંટણી સંદર્ભે રાજકીય પક્ષોની કામગીરી બાબતે અભિપ્રાય.<br>(૨) ભારતીય બંધારણના આર્ટીકલ ૧૦૫ (૨) અન્વયે અભિપ્રાય<br>(૩) આર્ટીકલ ૨૪૬ (૧) હેઠળ ટ્રીટ્રી | કાયદો સુધારવા અંગે અભિપ્રાય આપવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે અને જરૂરી કર્યવાહી કરવામાં આવી રહેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | મેકીંગ પાવર અન્ડર કોન્સસ્ટીટ્યુશન અંગે અભિપ્રાય.<br>(૪) ટોર્ટ બાબતે રાજ્યની જવાબદારી<br>(૫) ભારતીય કાયદાકીય સર્વિસનું ગઠન કરવા બાબત. | | |
| ૨૭. | સતાવીસમો અહેવાલ | ૮-૩-૦૨ | ભારત સરકાર દ્વારા ભારતીય બંધારણ અંગે સમીક્ષા કરવા બાબતે રજ્ય સરકારના મંતવ્યો રજૂ કરવા બાબત. | કેન્દ્રીય કાયદાઓમાં અભિપ્રાય આપવા બાબત. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે. જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૨૮. | અઠ્ઠાવીસમો અહેવાલ | ૧૦-૪-૦૨ | ચાર કાયદાઓ રદ કરવા અંગેનો અભિપ્રાય છે. જેમની અનુસૂચિઓમાં લગભગ ૨૫૦ થી વધુ કાયદાઓ દર્શાવ્યા છે. | કાયદો રદ કરવા કે ચાલુ રાખવા અથવા જે તે કાયદામાં જરૂરી સુધારા સૂચવવા બાબતે કેન્દ્ર સરકારને અભિપ્રાય મોકલવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. તમામ વહીવટી વિભાગોને છેલ્લે તા. ૨૮-૧૦-૦૫ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલ છે. |
| ૨૯. | ઓગત્રીસમો અહેવાલ | ૧૧-૪-૦૨ | લવાદ અધિનિયમ અંગે અભિપ્રાય | કાયદો સુધારવા અંગે અભિપ્રાય આપવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. કાયદા વિભાગને તા. ૧૮-૧૦-૦૫ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલ છે. |
| ૩૦. | ત્રીસમો અહેવાલ | ૩-૭-૦૨ | એડવોકેટ્સ એક્ટને લગતો અભિપ્રાય (કાયદા વિભાગ) | કેન્દ્રીય કાયદાઓમાં અભિપ્રાય આપવા બાબત. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે. |
| ૩૧. | એકત્રીસમો અહેવાલ | ૯-૮-૦૨ | રેપ લોઝને લગતો અભિપ્રાય | કાયદો સુધારવા અંગે અભિપ્રાય આપવા બાબત. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે. |
| ૩૨. | બત્રીસમો અહેવાલ | ૨૪-૯-૦૨ | આંતરરાષ્ટ્રીય દત્તક વિધાન એક્ટમાં સુધારો કરવા બાબત. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ. | કેન્દ્રીય કાયદાઓમાં અભિપ્રાય આપવા બાબત. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે. |
| ૩૩. | ત્રેવીસમો અહેવાલ | ૧૫-૧૧-૦૨ | લીમીટેશન એક્ટમાં સુધારા સુચવેલ છે. | કેન્દ્રીય કાયદાઓમાં અભિપ્રાય આપવા બાબત. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે. |
| ૩૪. | ચોત્રીસમો અહેવાલ | ૫-૧૨-૦૨ | ભારતીય કરાર ધારો ૧૮૭૨માં સુધારા સુચવેલ છે. | કાયદો સુધારવા અંગે અભિપ્રાય આપવા બાબત. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે. |
| ૩૫ | પાંત્રીસમો અહેવાલ | ૨૩-૧૨-૦૨ | રેકગનીશન ઓફ ફોરેન ડાયવોર્સ અંગે સુધારા. | કાયદો સુધારવા અંગે અભિપ્રાય આપવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. તા. ૨૮-૧૧-૨૦૦૫ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલછે. |
| ૩૬. | છત્રીસમો અહેવાલ | ૩૧-૧૨-૦૨ | ગુજરાત રાજ્ય કાયદા પંચની કામગીરી અંગે વાર્ષિક અહેવાલ. | વહીવટી (વૈ.સં.બા.વિ.) | સરકારે અહેવાલ ઉપર વિચારણા કરી જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૩૭. | સાડત્રીસમો અહેવાલ | ૨૮-૧-૨૦૦૩ | ચાઈલ્ડ મેરેજ રીસ્ટ્રેઈન્ટ એક્ટ, ૧૯૪૯ માં સુધારા | કાયદો સુધારવા અંગે અભિપ્રાય આપવા | સરકારે અહેવાલ ઉપર વિચારણા કરી જરૂરી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | બાબત. | કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૩૮. | આડત્રીસમો અહેવાલ | ૨૧-૨-૨૦૦૩ | ધી પ્રેસીડેન્સી સ્મોલ કોઝ કોટર્સ એક્ટ, ૧૮૮૨માં સુધારા. | કાયદામાં સુધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |
| ૩૯. | ઓગણચાલીસ મો અહેવાલ | ૧૩-૩-૦૩ | લગ્નોની ફરજિયાત નોંધણી અંગે જોગવાઈ કરવા બાબત. | કાયદામાં સુધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |
| ૪૦. | ચાલીસમો અહેવાલ | ૨૮-૩-૦૩ | કોમ્યુનીટી સર્વિસીઝ અંગે મુંબઈ નશાબંધી ધારામાં સુધારો કરવા અંગે ભલામણ. | કાયદામાં સુધારો કરવા બાબત.<br>(ગુહ વિભાગ) | ભલામણ મુજબ કાયદામાં સુધારો કરેલ છે. જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૪૧. | એક્તાલીસમો અહેવાલ | ૩૦-૪-૦૩ | ધી ગાર્ડિયન એન્ડવોર્ડઝ એક્ટ, ૧૮૯૦ તથા ધ હિન્દુ માઈનોરીટીઝ એન્ડ ગાર્ડિયન શીપ એક્ટ, ૧૯૫૬માં સુધારો. | કાયદો સુધારવા અંગે અભિપ્રાય આપવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે અને તા. ૨૩-૧૧-૨૦૦૫ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલ છે. |
| ૪૨. | બેતાલીસમો અહેવાલ | ૮-૮-૦૩ | ધરપકડ અંગે ફોજદારી કાર્યરીતિ અધિનિયમમાં સુધારો. | કાયદો સુધારવા અંગે અભિપ્રાય આપવા બાબત. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે. કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૪૩. | તેતાલીસમો અહેવાલ | ૨૮-૮-૦૩ | કોર્ટમાં પડતર કેસોના નિકાલ બાબતે ભલામણ. | વહીવટી અહેવાલ | સરકારની વિચારણા હેઠળ છે. અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |
| ૪૪. | ચુમ્માલીસમો અહેવાલ | ૨૯-૯-૦૩ | જનરલ ક્લોઝીસ એક્ટ, ૧૮૯૭માં સુધારા બાબત. | કાયદો સુધારવા અંગે. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે. કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૪૫. | પીસ્તાલીસમો અહેવાલ | ૧૮-૧૦-૦૩ | દીવાની, ફોજદારી અધિનિયમોમાં સુધારો કરવાની ભલામણ. | કાયદો સુધારવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે કાયદા વિભાગને તા. ૨૧-૧૧-૨૦૦૫ ના રોજ તથા મહેસૂલ વિભાગને તા. ૨૮-૧૧-૨૦૦૫ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલ છે. |
| ૪૬. | છેતાલીસમો અહેવાલ | ૨૯-૧૧-૦૩ | દેહાંત દંડની જોગવાઈઓમાં સુધારો કરવા બાબત. | કાયદો સુધારવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |
| ૪૭. | સુડતાલીસમો અહેવાલ | ૧૨-૧૨-૦૩ | ધી પાર્ટીશન એક્ટ, ૧૮૯૩ માં સુધારો કરવા બાબત. | કાયદો સુધારવા બાબત. | કેન્દ્ર સરકારને અહેવાલ અંગે અભિપ્રાય મોકલી આપવામાં આવેલ છે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૪૮. | અડતાલીસમો અહેવાલ | ૧૮-૧૨-૦૩ | ધી ઈન્ડિયન કોન્ટ્રાક્ટ એક્ટ, ૧૮૭૨ માં સુધારો કરવા બાબત. | પ્રોમીસરી ઈસ્ટોપલ કાયદો સુધારવા બાબત. | સરકારે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |
| ૪૯. | ઓગણપચાસમો અહેવાલ | ૩૧-૧૨-૦૩ | ગુજરાત રાજ્ય કાયદા પંચની કામગીરી અંગે વાર્ષિક અહેવાલ | વહીવટી | વક્હીવટી અહેવાલ હોઈ જરૂરી કાર્યવાહી પૂર્ણ કરેલ છે. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૦. | પચાસમો અહેવાલ | ૭-૬-૦૪ | ગુજરાત સ્ટેટ પબ્લીક વર્ક્સ કોન્ટ્રાક્ટ ડીસ્પ્યુટ આરબીટ્રેશન ટ્રીબ્યુનલ એક્ટ, ૧૯૯૨માં સુધારા બાબત. | કાયદો સુધારવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. |
| ૫૧. | એકાવનમો અહેવાલ | ૯-૭-૦૪ | લપ્રેસી – કાયદાકીય પાસાઓ | સ્પેશીયલ મેરેજ એક્ટ, ૧૯૫૪ ડીઝોલ્યુશન ઓફ મુસ્લીમ મેરેજ એક્ટ, ૧૯૩૯ માં સુધારા કરવાની ભલામણ. | સરકારની વિચારણા હેઠળ છે કાયદા વિભાગને તા. ૧૭-૫-૨૦૦૬ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલ છે. |
| ૫૨. | બાવનમો અહેવાલ | ૨૫-૮-૦૪ | બોમ્બે પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ, ૧૯૪૯ માં સુધારો કરવા બાબત. | કાયદામાં સુધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે તા. ૧૭-૫-૨૦૦૬ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલછે. |
| ૫૩. | ત્રેપનમો અહેવાલ | ૧૭-૯-૦૪ | કલમ-૫૨ અન્વયે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટ, ૧૮૮૨માં સુધારો કરવા બાબત. | કાયદામાં સુધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે તા. ૧૭-૫-૨૦૦૬ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલછે. |
| ૫૪. | ચોપનમાં અહેવાલ | ૩૦-૧૨-૦૪ | ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ના રીવ્યુ બાબત. | કાયદામાં સુધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે તા. ૧૭-૫-૨૦૦૬ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલછે. |
| ૫૫. | પંચાવનમો અહેવાલ | ૩૦-૧૨-૦૪ | કાયદા પંચનો વર્ષ ૨૦૦૪ દરમિયાનનો વહીવટી અહેવાલ | વહીવટી અહેવાલ | જરૂરી કાર્યવહી પૂર્ણ કરેલ છે. |
| ૫૬. | છપ્પપનમો અહેવાલ | ૧૫-૩-૦૫ | બોમ્બે મોલાસીસ (કંટ્રોલ) અધિનિયમ, ૧૯૫૬ રદ કરવા બાબત. | કાયદામાં સુધારો કરવા બાબત. | રાજ્ય સરકારે આ કયદો ચાલુ રાખવા નિર્ણય કરેલ છે. |
| ૫૭. | સત્તાવનમો અહેવાલ | ૨૪-૫-૦૫ | ઈન્ડિયન ઈવીડન્સ એક્ટ, ૧૮૭૨ માં નવી કલમ ૧૬૬-ક ઉમેરવા બાબત. | કાયદામાં સુધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે તા. ૧૭-૫-૨૦૦૬ ના રોજ સ્મુતિપત્ર પાઠવેલછે. |
| ૫૮. | અઠાવનમો અહેવાલ | ૧૬-૬-૦૫ | મુંબઈ પોલીસ એક્ટમાં સુધારો/નવો કાયદ્દ્પ ગુજરાત પોલીસ એક્ટ બનાવવા બાબત. | નવો કાયદો ઘડવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે અને જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જરૂરી કાર્યવાહી અર્થે ગુહ વિભાગમાં પડતર છે. |
| ૫૯. | ઓગણસાઠમો અહેવાલ | ૪-૫-૨૦૧૧ | મુંબઈ રાજ્યના નામે જે કાયદાઓ ચાલુ છે તે બદલીને ગુજરાતના નામે કરવ બાબત. | કાયદાઓનું નામ ગુજરાત એક્ટ કરવાની બાબત. | અહેવાલ અન્વયેની અમલવારી થઈ ગયેલ છે. |
| ૬૦. | વર્ષ ૨૦૧૪ નો પહેલો અહેવાલ | ૨૦૧૪ | Regarding suitable amendment in section 89A of the Gujarat Tenancy and Agricultural Lands (Vidarbha Region and Kutch Area) Act, 1958 (Bom. XCIX of 1958). | કાયદામાં સુધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. અને જરૂરી કાર્યવાહી માટે મહેસુલ વિભાગને રીમાર્ક્સ મોકલવા ત. ૧૦-૨-૨૦૧૪ ના પત્રથી જણાવેલ છે અને ત્યારબાદ તા. ૨૧-૩-૨૦૦૧૪ તા. ૯-૯-૨૦૧૪ તથા તા. ૧૧-૧૧-૨૦૧૪ ના રોજ અ.મુ.સચિવશ્રી કક્ષાએ થી અ.સ. પત્ર પણ પાઠવેલ છે. |
| ૬૧. | વર્ષ ૨૦૧૪ નો બીજો અહેવાલ | ૨૯/૦૫/૨૦૧૪ | Salt production at the cost of health of Agariyas and their | નવો કાયદો ઘડવા | સરકારની વિચારણા હેઠળ છે અને જરૂરી કાર્યવાહી માટે શ્રમ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | family members-A need for special legislation in the State of Gujarat. | બાબત. | અને રોજગાર વિભાગના રીમાર્ક્સ મળેલ છે. |
| ૬૨. | વર્ષ ૨૦૧૪ નો ત્રીજો અહેવાલ | ૦૪/૦૯/૨૦૧૪ | Recommendation for taking immediate action to amend the notification for living composite fees under the Central Motor Vehicles Act, 1988 and the rules framed there under for Controlling Vehicular Road Accidents in the State of Gujarat. | કાયદા નીચેના નિયમોમાં સુધારો કરવા બાબત. | સરકારશ્રી એ ભલામણો સ્વીકારી છે. કાયદામાં સુધારા માટે રાજ્ય સરકારને રજુ કરેલ છે. |
| ૬૩. | વર્ષ ૨૦૧૫ નો પ્રથમ અહેવાલ | ૨૫/૦૩/૨૦૧૫ | Recommendations for suitable Amendments & Addition of few new Section/Rules In the Gujarat Co. Operative Societies Act, 1961. And rules Framed thereunder | નિયમોમાં સુધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. જરૂરી કાર્યવાહી માટે કુષિ અને સહકાર વિભાગને તા. ૧૦-૦૪-૨૦૧૫ તથા તા. ૧૬-૦૬-૨૦૧૫ તથા તા. ૦૧/૧૦/૨૦૧૫ના રોજ સ્મૃતિપત્ર પાઠવેલ છે. |
| ૬૪. | વર્ષ ૨૦૧૫ નો બીજો અહેવાલ | ૨૩/૦૪/૨૦૧૫ | Recommendation For Suitable Amendment. In The Gujarat Prevention of Gambling Act, 1887. | નિયમોમાં સુધારો વધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. ગૃહ વિભાગને જરૂરી રિ-માર્કસ મોકલવા તા. ૩૦-૦૪-૨૦૧૫ તથા તા. ૧૬-૦૬-૨૦૧૫ તથા તા. ૩૧/૧૦/૨૦૧૫ના પત્રથી સ્મૃતિ પત્ર પાઠવેલ છે. |
| ૬૫. | વર્ષ ૨૦૧૬ નો પ્રથમ અહેવાલ | ૨૮/૦૧/૨૦૧૬ | Recommendation For Suitable Amendment. In The Gujarat Rents, Hotel and Lodging House rates control Act, 1947. (Bombay Act No. 57 of 1947) | નિયમોમાં સુધારો વધારો કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. શહેરી વિકાસ વિભાગને રિ-માર્કસ મોકલવા તા.૦૨/૦૨/૨૦૧૬ના રોજ પત્ર પાઠવેલ છે |
| ૬૬. | વર્ષ ૨૦૧૬ નો બીજો અહેવાલ | ૧૧/૦૪/૨૦૧૬ | Recommendation For Suitable Amendment. In The Gujarat Prohibition Act, 1949 | નિયમોમાં સુધારો વધારો કરવા ની ભલામણ. | સરકારની વિચારણા હેઠળ છે. ગૃહ વિભાગને રિ-માર્કસ મોકલવા તા. ૧૯-૦૪-૨૦૧૬ ના રોજ પત્ર પાઠવેલ છે. |
| ૬૭. | વર્ષ ૨૦૧૬ નો ત્રીજો અહેવાલ | 0૯/૦૫/૨૦૧૬ | Recommendation For Introducing The Water Preservation and Distribution Act In The State of Gujarat. | નિયમોમાં સુધારો વધારો કરવા ની ભલામણ. | સરકારની વિચારણા હેઠળ છે. નર્મદા, જળ સંપતિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને રિ-માર્કસ મોકલવા તા. ૧૩-૦૫-૨૦૧૬ ના રોજ પત્ર પાઠવેલ છે |
| ૬૮ | વર્ષ ૨૦૧૬ નો ચોથો અહેવાલ | ૦૫/૧૦/૨૦૧૬ | Recommendations for suitable amendment in the Prisons (Bombay Furlough and Parole) Rule, 1959 | નિયમોમાં સુધારો વધારો કરવા ની ભલામણ. | સરકારની વિચારણા હેઠળ છે. ગૃહ વિભાગને રિ-માર્કસ મોકલવા તા. ૨૬/૧૦/૨૦૧૬ ના રોજ પત્ર પાઠવેલ છે. તથા તા. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | ૨૪/૧૧/૨૦૧૬ અને તા. ૩૦/૧૨/૨૦૧૬ ના રોજ સ્મૃતિ પત્ર પાઠવેલ છે. |
| ૬૯ | વર્ષ ૨૦૧૭ નો પ્રથમ અહેવાલ | ૨૮/૦૪/૨૦૧૭ | Recommendations for suitable amendment in The Presidency Small Causes Court Act, 1882 and Rules. | ધ પ્રેસિડેન્સી સ્મોલ કોઝીસ એક્ટ,૧૮૮૨ અને નિયમોમાં સુધારા કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. કાયદા વિભાગને રિમાર્કસ મોકલવા તા. ૦૨/૦૫/૨૦૧૭ થી પત્ર પાઠવેલ છે. |
| ૭૦ | વર્ષ ૨૦૧૮ નો પ્રથમ અહેવાલ | ૨૧/૦૩/૨૦૧૮ | Recommendations for suitable amendment in The Gujarat Public Trust Act, 1950 | ધ ગુજરાત પબ્લીક ટ્રસ્ટ એક્ટ – ૧૯૫૦ માં સુધારા કરવા બાબત. | સરકારની વિચારણા હેઠળ છે. કાયદા વિભાગને રિમાર્કસ મોકલવા તા. ૧૭/૦૪/૨૦૧૮ થી પત્ર પાઠવેલ છે. |
| ૭૧ | વર્ષ ૨૦૧૮ નો બીજો અહેવાલ | ૨૦/૧૧/૨૦૧૮ | Recommendations for suitable amendment to the provisions of the Code of Criminal Procedure, 1973 for expeditiously completion of trial of all rape cases and for expeditiously concluding such cases | The Code of Criminal Procedure, 1973 | સરકારની વિચારણા હેઠળ છે. ગૃહ વિભાગને રિમાર્કસ મોકલવા તા. ૧૭/૦૨/૨૦૧૮ થી પત્ર પાઠવેલ છે. |
| ૭૨ | વર્ષ ૨૦૧૯ નો પ્રથમ અહેવાલ | ૧૮/૦૭/૨૦૧૯ | Recommendation to make appropriate addition in service rules or issue direction to the effect that, those concerned officers/persons who certify the contracted work incorrectly would be held responsible for their departmental inquiry and would be liable to be punished under IPC<br>AND<br>Recommendation to impose ban on using mobile phone while driving, to take action against those who drive the vehicle with over-speeding and to take action against the drivers who are aver-loading the vehicles beyond the prescribed seating accommodation, etc. | (1) Service rules<br>(2) Motor vehicle Act | સરકારની વિચારણા હેઠળ છે. (1) સામાન્ય વહીવટ વિભાગને તથા (2) વાહન વ્યવહાર વિભાગ ને રિમાર્કસ મોકલવા તા. ૨૫/૦૭/૨૦૧૯ થી પત્ર પાઠવેલ છે. |